ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરમાં ગરમ વસ્ત્રોનું બજાર હવે સમેટાશે

## ઠંડીના બીજા તબક્કામાં ગરમ વસ્ત્રોના વેચાણમાં તેજી : સ્ટોક ન રહેતાં હવે એક બાદ એક સ્ટોલ બંધ થવા લાગ્યા છે : ૨૮મીએ સંપૂર્ણ બજાર સમેટાશે

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં ચાલી રહેલા ગરમ કપડાના રેફયુજી બજારો હવે ગણતરીના દિવસો માટે જ છે. ચોપાટી બજારની સામે રેફયુજી બજાર ઠંડીની સિઝનમાં ત્રણેક મહિના પૂરજોશમાં ચાલે છે. ઉત્તરાયણ બાદ ધીમે ધીમે એક પછી એક સ્ટોલ સમેટાઈ જાય છે. કોરોના મહામારીના કારણે આ વર્ષે જોઈએ તેટલી ઘરાકી જોવા મળી નહોતી. પરંતુ ગયા બે વર્ષ તેમનો ધંધો સમગ્ર ઠપ રહ્યો હતો તેનાથી તો આ વર્ષે તેમના માટે આર્થિક રીતે સારું રહ્યું છે.

ગરમ કપડાના બજારમાં આ વર્ષે અવનવી બ્રાન્ડેડ વેરાયટીઓ જોવા મળી રહી છે. ગરમ કપડાંની ખરીદી માટે શહેર ઉપરાંત બહારગામથી પણ ગ્રાહકો આવતા હોય છે. જો કે આ વર્ષે ગરમ કપડાના ભાવમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો હતો જેથી મોંઘવારીના કારણે મોટાભાગનાએ ખરીદી કરવાનું આ વર્ષે ટાળ્યું હતું. જયારે બીજી તરફ સધ્ધર પરિવાર તરફથી મોટા પ્રમાણમાં ગરમ કપડાંની ખરીદી કરવામાં આવી રહી હતી. રેફયુજી માર્કેટમાં ગ્રાહકોને ભાવતાલ મુજબ ગરમ કપડાં આપવામાં આવતા નહોતા. એક જ ભાવમાં ગ્રાહકોને ગરમ કપડાની ખરીદી કરવાનો વારો આવ્યો હતો. મોંઘવારીના કારણે આ વર્ષે વેપારીઓએ ભાવમાં કોઈ



જ ઘટાડો કર્યો નહોતો.

વાઈબ્રન્ટ મોકુફ થવાના કારણે પણ રેફયુજી માર્કેટને ફાયદો થયો હતો. કારણ કે દબાણને કારણે મોટાભાગના એરિયા ખાલી કરાવવામાં આવતા હોય છે પરંતુ આ વર્ષે કોરોનાના કેસ વધવાથી વાઈબ્રન્ટ મોકૂફ રહેતા ગરમ કપડાના બજારવાળા વેપારીઓ હજુ સુધી પોતાનો ધંધો કરી શકયા છે. જો કે ગ્રાહકોની સંખ્યા ઓછી થવાથી એક પછી એક સ્ટોલ બંધ કરવામાં આવી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ આગામી ૨૭ કે ૨૮ સુધી રેફયુજી માર્કેટ સંપૂર્ણ બંધ થઈ જશે. તેથી ગણતરીના દિવસોમાં શહેરીજનો ગરમ કપડાની ખરીદી કરી શકશે.

ગરમ કપડાના રેફયુજી બજારમાં આ વર્ષે દર વર્ષ કરતા ઓછી ઘરાકી જોવા મળી પરંતુ વેપારીઓને પોતાનો ધંધો કરવા મળ્યો તેથી તેઓ એક રીતે ખુશ જોવા મળ્યા હતા. ગયા બે વર્ષ આર્થિક રીતે ઘણું બધું નુકશાન પહોંચ્યું હતું. જેમાં થોડું ઘણું સરભર આ વર્ષે કરી શકયા હોય તેવું જાણવા મળેલ છે. વેપારીઓએ સંપૂર્ણ રીતે કોરોના ગાઈલાઈનનું પાલન કરીને પોતાનો વેપાર કર્યો અને આગામી દિવસોમાં આ રેફયુજી બજાર સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવશે. જે આગામી વર્ષ દરમિયાન ફરીથી ભરાશે. તમામ વેપારીઓના જણાવ્યા મુજબ આગામી વર્ષ કોરોના મહામારી સંપૂર્ણ રીતે નાબૂદ થઈ જાય તેવી આશા વ્યકત કરવામાં આવી હતી. જેથી આવતા વર્ષે તેઓ પોતાનો વેપાર ધંધો ખૂબ સારી રીતે કરી શકે.

# શહેરમાં જગત જનનીનો પ્રાગટયોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા.૧૭

પોષ મહિનાની પૂનમ જગત જનની માં અંબાજીનો પ્રાગટય દિવસ તરીકે મનાવાય છે. શહેરમાં જય અંબે પરિવાર દ્વારા દર વર્ષની જેમ આવર્ષે પણ પોષી પૂનમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારે ૮ કલાકે મા જગદંબાની પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ અન્નકૂટ અર્પણ કર્યા હતા. જય અંબે પરિવારની બહેનો દ્વારા ૧૦૮ વાનગીઓ બનાવવામાં આવી હતી. જેમાંથી ભગવાનને થાળ ધરવામાં આવ્યો હતો. સવારે ૧૦.૪૫ વાગ્યે મહાઆરતીનું આયોજન કર્યું હતું. કલ્પેશભાઈ શાસ્ત્રીજી દ્વારા સમગ્ર પૂજાવિધિ કરવામાં આવી હતી. મહાઆરતી બાદ તમામ સભ્યો દ્વારા ભોજન ગ્રહણ કરવામાં આવ્યું હતું. જય અંબે પરિવારની બહેનો દ્વારા માતાજીની સુંદર રીતે સજાવટ કરવામાં આવી હતી. ભકિતવંદના અને સ્વાધ્યાયનો કાર્યક્રમ બપોરના ૨ વાગે રાખવામાં આવ્યો હતો. જેમાં માતાજીની ભકિત પરિવારની તમામ બહેનોએ ભાવપૂર્વક કરી હતી. ત્યારબાદ આનંદનો ગરબો રાખવામાં આવ્યો હતો. જય અંબે પરિવારના સભ્યોએ ભેગા મળી માતાજીની આરતી ઉતારીને મા જગદંબા પ્રાગટય મહોત્સવ આભારદર્શન કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં કોરોના ગાઈડલાઈનનું પાલન કરીને મા જગદંબા પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કોરોનાના કારણે આ વર્ષે ૧૨૫ સભ્યોને જ આમંત્રણ આપવામાં આવ્યું હતું. દર વર્ષે ધામધૂમથી મોટી સંખ્યામાં મા જગદંબા પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જય અંબે પરિવારની બહેનો દ્વારા ૧૦૮ વાનગીઓ બનાવવામાં આવી હતી. જેમાં સુખડી, માલપૌંઆ, લાડુ, બરફી, પેંડા, ટોપરાપાક, અડદિયું, ગુંદરપાક, હલવો, કેરીનો રસ, અથાણા, ફરસાણ, શ્રીખંડ, મઠો, શાકભાજી, કઠોળ, પંજાબી, કેક વિગેરે અવનવી વાનગીઓ માતાજીને ધરાવી હતી. જય અંબે પરિવાર દ્વારા આ દિવસે રકતદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવે છે. આ વર્ષે કોરોનાના કારણે આ રકતદાન શિબિર મોકૂફ રાખવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લલિત એસ. પટેલ (પ્રમુખ) અને જય અંબે પરિવાર ટ્રસ્ટના સભ્યોના સહયોગથી કરાયું હતું. કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# એસ.એસ.વી. શાળામાં પતંગ-દોરી એકઠી કરવાની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્તરાયણ પર્વ પૂર્ણ થતાં



તેમના ઘરની આજુબાજુ તેમજ રસ્તામાં પડી રહેલી દોરી એકઠી કરી તેનો યોગ્ય જગ્યાએ નિકાલ કર્યો હતો તેમજ સમાજને આવી પ્રવૃત્તિ કરવાનો સંદેશો પણ આપ્યો હતો. પતંગ તેમજ દોરી આમતેમ ભરાઈ જાય છે. ઝાડ પર ભરાયેલી દોરીથી પક્ષીઓને ઈજા થાય છે તેમજ રસ્તા પર પડેલી પાકી દોરી ખોરાકની શોધમાં નીકળેલ જાનવરોના પેટમાં જતાં તેમને રોગ થાય છે અને ઘણીવાર તેમના મૃત્યુ પણ થાય છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં કાઈટ મેકિંગ પ્રવૃત્તિ યોજાઈ







ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રી-પ્રાઈમરી થી ધોરણ-૨ ના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાયણ અને કાઈટ મેકીંગ પ્રવૃત્તિ ઓનલાઈન ઉજવવામાં આવી હતી. તેમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓએ પતંગો પર વિવિધ સંદેશ દ્વારા ઉત્સાહ પ્રગટ કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ૧૯મીથી ઓનલાઈન રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૧૭

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૧૯ થી ૨૧ મી જાન્યુઆરી, ૨૦૨૨ દરમ્યાન ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળામાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ, ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએશન, આઈ.ટી.આઈ અને ડીપ્લોમાં ઉમેદવારો ભાગ લઈ શકશે. આ ભરતી મેળામાં તા. ૧૯મી જાન્યુઆરીના રોજ લિંક meet.google.com/pwv-wvmd-rzf, તા. ૨૦મી જાન્યુઆરીના રોજ લિંક meet.google.com/syi-tbzg-kid અને તા. ૨૧મી જાન્યુઆરીના રોજ ®÷f meet.google.com/pwv-wvmd-rzf પર રોજગાર વાંચ્છુક ઉમેદવાર જોડાઈ શકશે. આ તમામ લિંકમાં ત્રણેય દિવસ દરમ્યાન ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન જોડાઈ શકાશે. આ રોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે સ્ટેમ વર્કશોપમાં આઈડિયા પેટન્ટ કરાવવા અપાઈ પ્રેરણા

ગાંધીનગર, તા.૧૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે હાલ ચાલી રહેલા ૧૦ દિવસીય S.T.E.M. (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) વર્કશોપની કે.સી.જી.ના સી.ઈ.ઓ. અને હાયર એજયુકેશન વિભાગના ડાઈરેકટર શ્રી એમ. નાગરાજને મુલાકાત લીધી હતી. વૈજ્ઞાનિક અને તકનિકી સિદ્ધાંતોના આધારે રમકડાં નિર્માણ અંગે અપાતા પ્રશિક્ષણની તેમણે સમીક્ષા કરી હતી. સહભાગીઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે, આજે ટેક્નોલોજીના યુગમાં માણસ પોતાને જરૂરી એવી તકનિકી બાબતો કોઈ પણ ઉંમરે શીખી લે છે. તેમણે વિદ્યાર્થીઓ-અધ્યાપકોને પ્રોત્સાહન આપતાં કહ્યું કે, સંશોધન માટે બધી ટેક્નોલોજીની જાણકારી ના હોય તો પણ તમે તમારો આઈડિયા પેટન્ટ કરાવી જ શકો છો. કોઈ



પણ માણસ પોતાનો આઈડિયા પેટન્ટ કરાવી શકે છે અને તેના માધ્યમથી તે કમાણી પણ કરી શકે છે. તેમણે સહભાગીઓને વધુ સંશોધનાત્મક-રચનાત્મક દ્રષ્ટિકોણથી કાર્ય કરવા પ્રેરણા આપી હતી. આ તકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે ભારતમાં અને ગુજરાતમાં રમકડાં નિર્માણ અંગે કેટલી તકો છે તે સમજાવ્યું હતું.

યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઈન્ડિક સ્ટડીઝના ડાઈરેક્ટર ડૉ. નિમિષ વસોયાએ કે.સી.જી.ના સી.ઈ.ઓ. શ્રી નાગરાજનનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું, જયારે તીર્થ યોજનાના ઓ.એસ.ડી. ડૉ. યોગેશ પટેલે વર્કશોપની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ઉલ્લેખનીય છે કે, રાજય સરકારના શિક્ષણ વિભાગ અને નોલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાત-કે.સી.જી.ના ઉપક્રમે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ઊભરતી ટેક્નોલોજી અંગેની સ્કીલ વિકસાવવા અંગે ૧૦ દિવસીય વર્કશોપ ચાલી રહ્યો છે. જેમાં ગુજરાતભરમાંથી અધ્યાપકો-વિદ્યાર્થીઓ જોડાયા છે.

# હિલવુડ ખાતે હિલવુડ મોડલ યુનાઈટેડ નેશન્સ ૨૦૨૧ કોન્ફરન્સ યોજાઈ



ગાંધીનગર, તા.૧૭

હિલવુડ સ્કુલમાં ડમી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પરમાણુ પ્રસાર સંધિ જેવા વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર તેમના મંતવ્યો અને અભિપ્રાયો રજુ કર્યા હતા. હિલવુડ મોડલ નેશન્સ કોન્ફરન્સ ૨૦૨૧નું આયોજન વિદ્યાર્થીઓના આશાસ્પદ ભવિષ્ય માટે ઉજજવળ તક પુરી પાડશે. આ કાર્યક્રમ ત્રણ દિવસ માટે યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સરકારી વાણિજય કોલેજ દ્વારા સેલ્ફ ડિફેન્સ તાલીમ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

સરકારી વાણિજય કોલેજ દ્વારા RUSA અને CWDC અંતર્ગત ૫ દિવસીય સેલ્ફ ડિફેન્સ તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. કે.એસ. વ્યાસ તેમજ સી.એ. જયોતિ કારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે ડો ફેડરેશનના કોચ ગૌરાંગ રાણા દ્વારા વિદ્યાર્થીઓને કરાટેની તાલીમ આપવામાં આવી હતી. જેના દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ તરકીબો થકી કેવી રીતે સ્વ રક્ષણ કરી શકાય તેની તાલીમ પુરી પાડવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. એ.એન. સુતરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ઠાકોર રઈબેન કોયાજી, ઉ.વ. ૬૭, સેકટર-૧૩
- સ્વ. સોલંકી બળવંતજી દામુજી, ઉ.વ. ૫૫, આનંદપુરા, ડભોડા
- સ્વ. દોશી જશુભાઈ અમૃતલાલ, ઉ.વ. ૯૩, સેકટર-૨૪
- સ્વ. મોહનભાઈ, ઉ.વ. ૫૫, બોરીજ
- સ્વ. લીમ્બાચીયા કમળાબેન કાળીદાસ, ઉ.વ. ૯૨, સેકટર-૨૭

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ. ઠાકોર કાનાજી બબાજી, ઉ.વ. ૬૫, ખોડીયાર ગામ
- સ્વ. ઠાકોર સુખીબેન શાંતિલાલ, ઉ.વ. ૫૭, સરગાસણ
- સ્વ. પરમાર ખેંગારભાઈ પચાણભાઈ, ઉ.વ. ૭૨, સરગાસણ

# શિયાળાનો તડકો : ‘વિટામીન ડી’ માટે ઉત્તમ

## શિયાળાની ઠંડીમાં શહેરીજનો સૂર્યના કિરણોમાં બેસવાનું પસંદ કરી રહ્યા છે : સચિવાલયમાં નોકરી કરતા કર્મચારીઓ લંચ સમયે વોકિંગ કરતા નજરે પડે છે

ગાંધીનગર, તા.૧૭

શિયાળામાં તડકાનો લાભ લેવા માટે સચિવાલયમાં નોકરી કરતી મહિલા કર્મચારીઓ લંચબ્રેકમાં વોકિંગ માટે પુનિતવન બાજુ નજરે પડે છે. તંદુરસ્ત જીવન માટે મજબૂત હાડકાં જાળવવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખાસ કરીને મહાનગરોમાં શિયાળામાં પ્રદૂષણને કારણે સૂર્યકિરણો પૂરતા પ્રમાણમાં શહેરીજનો સુધી પહોંચતા જ નથી. આવી સ્થિતિમાં શહેરીજનોને કુદરતી વિટામીન-ડી ખૂબ જ ઓછું મળે છે અને તેમના હાડકાં નબળા થવા લાગે છે. ડોકટરના જણાવ્યા મુજબ જો આપણે શિયાળામાં યોગ્ય સમયે સૂર્યસ્નાન કરીએ તો અનેક રોગોથી બચી શકાય છે.

દિવસ દરમિયાન સનબાથ કરવા અને વિટામિન-ડીના પૂરતા પ્રમાણને જાળવવા માટેના યોગ્ય સમય વિશે ઘણા સંશોધન કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે શરીરના ૨૦ ટકા એટલે કે હાથ પગ ઢાંકયા વિના દરરોજ ૧૫ મિનિટ સૂર્યપ્રકાશનું સેવન કરીને વિટામિન-ડી સારી માત્રામાં લઈ શકાય છે. સવાર સાંજની સનબાથિંગ શરીર માટે સૌથી યોગ્ય મનાય છે. પરંતુ સત્ય એ છે કે સવારે ૧૦ થી સાંજના ૩ વાગ્યા દરિયાન સૂર્યપ્રકાશ માનવશરીરની ત્વચાને વિટામીન-ડી પ્રદાન કરે છે. રાજધાની દિલ્હી જેવા શહેરોમાં જયાં પ્રદૂષણને કારણે સૂર્યપ્રકાશ ન આવી શકે ત્યાં નાગરિકો દૂધના ઉત્પાદનો દ્વારા વિટામીન ડીની ઉણપ પૂર્ણ કરી શકે છે.

સતત બદલાતી માન્યતાઓ અને આજના ઝડપી ગતિશીલ જીવનમાં મોટાભાગના નાગરિકોને તાપમાં સમય પસાર



કરવાનો સમય મળતો નથી. વિટામીન ડીની ઉણપ મોટી સંખ્યામાં નાગરિકોમાં જોવા મળે છે. આઈસીએમઆરના સંશોધનના ડેટા અનુસાર લગભગ ૭૦ ટકા ભારતીયો વિટામીન ડીની ઉણપનો શિકાર છે. જેમાં બાળકો અને પુખ્ય વયના નાગરિકો બંનેનો સમાવેશ થાય છે.

વિટામીન ડીની ઉણપથી શરીરમાં કેન્સર, કાર્ડિયોવેસ્કયુલર રોગો, ડાયાબિટીસ અને ચેપ તથા બળતરા સંબંધિત રોગોનું જોખમ વધે છે. આ સિવાય તેની ઉણપથી એલર્જી, ડિપ્રેશન, હાથ પગમાં દુખાવો, થાક, અનિંદ્રાનું જોખમ પણ વધી જાય છે. સૂર્યના કિરણો શરીરમાં હેપ્પી હોર્મોન્સ એટલે કે એન્ડોર્ફિન્સના સ્ત્રાવમાં ઉત્પ્રેરક છે. એટલા માટે જયારે સૂર્ય લાંબા સમય સુધી દેખાતો નથી ત્યારે ઘણા લોકોનો મૂડ ખરાબ થવા લાગે છે પરંતુ જયારે લાંબા સમય પછી સૂર્ય આવે છે ત્યારે મન ખુશીથી ભરાઈ જાય છે.

સૂર્યના કિરણો આપણા શરીરમાં સેરોટોનિન અને મેલાટોનિન નામના ૨ મહત્વપૂર્ણ હોર્મોન્સના સ્ત્રાવમાં મદદ કરે છે. જે ડિપ્રેશન અને અનિદ્રાની સમસ્યામાં રાહત આપે છે. એટલું જ નહી મેલાટોનિન હોર્મોન ત્વચાને સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોથી થતા નુકસાનથી બચાવે છે તે શરીરની સર્કેડિયન રિધમ જાળવવામાં પણ મદદ કરે છે. આ સિવાય સૂર્યપ્રકાશ કુદરતી ઓટોકલેવ એટલે કે જંતુનાશક તરીકે પણ કામ કરે છે. ઘણા હાનિકારક બેકટેરિયા અને વાયરસ સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાથી મૃત્યુ પામે છે. અટલું જ નહીં સામાન્ય રીતે ત્વચાના કેન્સર માટે જવાબદાર ગણાતા મેલાનોમા થવાનું જોખમ પણ તડકામાં બેસવાથી ઓછું રહે છે.

શિયાળામાં મોટાભાગના માણસો સનબાથ લેવાનું પસંદ કરે છે. શહેરમાં શિયાળો આ મહિનામાં જોરદાર જામ્યો છે ત્યારે શહેરીજનો સવાર પડતાની સાથે તડકામાં બેસવાનું પસંદ કરી રહ્યા છે.

## જન્મદિને વધામણી



પંકજ એમ શાહ
એડવોકેટ
મો. ૯૮૨૫૫ ૮૪૫૨૫



હેલી યોગેશ પારેખ



અક્ષય સુખડિયા
રાધે-રાધે ગૃપ



જાગૃતિ ડી કડિયા



દશરથભાઈ ગેનારામ ત્રિવેદી
મો. ૯૯૪૩૧ ૨૪૦૮૩



યશ ભાવેશ ઠાકોર



પ્રેમ ભાવેશ ઠાકોર